# ઓરિયેન્ટે એનઆઇડી સાથે મળીને ઓરિયેન્ટ ઇલેક્ટ્રિક ડિઝાઇન એવોર્ડ્ઝની શરુઆત કરી

ઓરિયેન્ટ ઇલેક્ટ્રિકે નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઇન (એનઆઇડી) સાથે હાથ મિલાવીને ઓરિયેન્ટ ઇલેકટ્રિક ડિઝાઇન એવોર્ડ્ઝની શરુઆત કરી છે.આ એવોર્ડ્ઝ પાછળનો આશય નવા જમાનાના પંખાની ડિઝાઇન માટેનો અને નવા કોન્સેપ્ટની ડિઝાઇનને કારણે અનપેક્ષિત ગ્રાહકવર્ગ આકર્ષિત થાય તે માટેનો છે.આ ઉપરાંત તેનો આશય કાર્યક્ષમતા વધારવાનો અને નવા પ્રકારની ડિઝાઇન સાથે પરફોર્મન્સના પરિણામો સુધારવા માટેનો છે.આ ડિઝાઇનર્સ કળાની સુઝ ધરાવનારા અને ઓરિયેન્ટ ઇલેક્ટ્રિકના ૬૦ વર્ષના વારસાને આગળ ધપાવનારા છે.

પોતાના મુદ્રાલેખ સ્વીચ ટુ સ્માર્ટ પરથી પ્રેરણા લઇને ઓરિયેન્ટ ઇલેક્ટ્રિકે એનઆઇડી સાથે મળીને એનઆઇડી અમદાવાદ, ગાંધીનગર અને બેંગલોરના ૩ કેમ્પસમાંથી ૬૫ વિધાર્થીઓ માટે પ્લેટફોર્મ બનાવ્યુ છે.આ એવોર્ડ પાછળનો આશય ભારતમાં રહેલી પ્રતિભાને ઓળખવાનો અને આધુનિક જમાનાની સ્માર્ટ ડિઝાઇનને ખાસ કરીને પંખાની ડિઝાઇનને લોકો સમક્ષ રજુ કરવા માટેનો છે. આ એવોર્ડ માટે જાણીતા ડિઝાઇનર બિક્રમ મિત્રા, ડિઝાઇન કન્સલટન્ટ તેમજ ઓડી ઓલ્ટરનેટિવ્સના માલિક વિનોદ ગુપ્તાને નિર્ણાયક ગણ તરીકે રાખવામાં આવ્યા હતા. એનઆઇડી અમદાવાદની ક્લોવ ટીમના શ્રીરંગ પોવારને બેસ્ટ ડિઝાઇનનો એવોર્ડ મળ્યો હતો. ૫ મોસ્ટ ઇનોવેટિવ ડિઝાઇનનો એવોર્ડ પણ એનઆઇડી અમદાવાદની ટીમ કિરણના કિરણ રવિન્દ્રનને ફાળે ગયો હતો.

ઓરિયેન્ટ ઇલેક્ટ્રિક બ્રાન્ડ તેમજ કોર્પોરેટ કોમ્યુનિકેશન્સના વડા અંશુમાન ચક્રવર્તીએ જણાવ્યુ હતુ કે અમે લોકોને ઉચ્ચ ગુણવત્તા ધરાવતા લાઇફસ્ટાઇલ સોલ્યુશન્સ આપવા માગીએ છીએ કે જે સલામત સરળ અને સર્જનાત્મક રીતે પ્રેરણા આપનારા હોય.—